

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આવી છે પકડ 'બંધી' પર હવે ટ્રક સૂના છે!*
*ફરે છે દારૂ હવે પગે કે વાહનમાં લૂના છે!*
*સૂના છે 'અડ્ડા' પણ મળે છે હવે ઘરઘરાઉ!*
*લગે રહો ધંધામાં પણ 'હપ્તા' વિના તો ગુના છે!*
*(દારૂબંધીનો કડક અમલ!?)*

### હાઈકુ

*છે ઉપયોગી -*
*ગુના 'ડિટેક' કર્યા -*
*પત્રક પર...*

*'દરેક' સાથે*
*સાચવે છે સંબંધ -*
*'પોલીસ - મિત્ર'*

### ચિંતન

**સુખ, સંપત્તિ, પરિવાર બડાઈ, સબ પરિહરિ કરિ હઉં સેવકાઈ ।**
**એ સબ રામભગતિ કે બાધક, કહહિં સંત તવ પદ અવરોધક ॥**

ઉપરોક્ત સાખી તુલસીકૃત રામાયણમાંથી લેવામાં આવેલ ચે.

રામ-સુગ્રીમનો આ પ્રસંગ છે. સુગ્રીવ મૈત્રી ટકાવવાની ખાતરી આપતાં કહે છે.

સુખ, સંપત્તિ, કુટુંબ તથા મોટાઈ આ સઘળાં રામ-ભક્ત મૈત્રીનાં બાધક છે. એથી આ ત્રણેનો ત્યાગ કરીને હું આપની જરૂર સેવા કરીશ, સત્સંગ, દ્વારા તથા સંત પુરુષ, મહાત્માઓએ પણ આ વાત જ કરી છે.

ધન-સુખ-સંપત્તિને કારણે આવતો ભોગ-વિલાસ અને અભિમાન ને કારણે પણ મૈત્રીમાં બાધકતા આવે છે. કુટુંબ-સમાજ-પરિવાર સાથેના મોહ-બંધનથી નીપજતો સ્વાર્થ પણ મૈત્રી ભક્તિમાં ભાધારુપ બને છે.

આથી સંતો અને જ્ઞાની મહાત્માઓએ પણ કહ્યું છે કે રામચંદ્રજીની ભક્તિ કરાવી હોય તો આ ચાર બાધાઓને દૂર રાખવી.

### સુવિચાર

- પોતાના જીવન કરતાં બીજાને હરાવવાની દાનતથઈ રમત રમાય છે, સ્પોર્ટસમાં સ્પિરિટ નથી અને સ્વાર્થની લિમિટ નથી. આવી રમત રમવા વાળા બહારથી કદાચ જીતતા હશે પણ અંદરથી તો હારતા જ હશે - **ક્રિશ્નકાંત ઉનડકટ**
- જો તમને કોઈ જ ન ચાહતું હોય તો, એક વાત સમજી લો કે એમાં વાંક તમારો પોતાનો જ છે - **ફિલિપ કોલિનસ**
- જીવવાના પાઠ કોઈ પાઠશાળા શીખવતી નથી, જીવવાની કળા તો કેળવવી જ પડે. તમે તમારા જીવનને ગમે તેવો આકાર આપી શકો તો તમે તમારા જ શ્રેષ્ઠ ગુરુ બની શકો છો - **ધર્મલોક**
- એને શું રીઝવી શકે સપનાં ભવિષ્યનાં, જેને આ વર્તમાનમાં શ્રદ્ધા નથી હવે !! - **આદિલ મન્સુરી**
- સુંદર મન વિનાનો સુંદર ચહેરો કાચની આંખ જેવો છે.
  કાચની આંખ ચમકશે પણ જોઈ શકશે નહીં - **ડેલ કાર્નેગી**
- જે સાચું હોય છે તેની ખાતરીની કોઈ જ જરૂર નથી,
  જરૂરી એ છે કે જે સાચું છે તે આપણે માનીએ - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : સરસવના તેલમાં હળદર પાઉડર ઉમેરી તેની નવશેકું શેકીને તે પેસ્ટ છાતી પર મસાજ કરવાથી ન્યુમોનિયાથી બચી શકાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

૧૯૯૧માં ટાટા ટાટાગ્રુપના ચેરમેન બન્યા. ત્યારે ટાટા પૂરા વિશ્વમાં ટ્રક નિર્માતા તરીકે પ્રખ્યાત હતા. પેસેંજર કાર બનાવવાનું રતન ટાટાએ ૧૯૯૮માં વિચાર્યું. અને ઈંડિકાની ડિઝાઈન ફાઈનલ થઈ. ૧૯૯૯માં ઈંડિકા કાર બજારમાં આવી. રતન ટાટાનું એક સ્વપ્ન જાણે સાકાર થઈ. ઈંડિકાનું વેચાણ વધી રહ્યું નહોતું. આથી કાર બનાવવાનો આ પ્રોજેક્ટ ટાટાગ્રુપે ફોર્ડ કંપનીને વેચી દેવાનો નિર્ણય લેવાયો. આ વેચાણને સમજવા માટે અને ફાઈનલ ડીલ કરવા માટે રતન ટાટા એમના દસેક વ્યક્તિ ફોર્ડ મેનેજમેન્ટને મળવા માટે ડેટ્રોઈટ ગયા. સાલ હતી ૧૯૯૯નો નવેમ્બર મહિનો. ત્યાં ફોર્ડના ઉચ્ચ અધિકારીઓ સાથેની મીટીંગમાં ફોર્ડ કંપનીના ચેરમેન બિલ ફોર્ડો રતન ટાટાનું અપમાન કરતાં કહ્યું, 'તમને પેસેંજર કારના ધંધા વિશે કંઈ માહિતી અને જ્ઞાન નથી. તો તમે આવું સાહસ શું કામ કર્યું. અમે આપનું આ કાર બનાવવાનું કારખાનું ખરીદી તમારા પર ઉપકાર કરીએ છીએ.' રતન ટાએ અપમાન લાગ્યું અને નક્કી કર્યું કે ટાટા ગ્રુપ ફોર્ડને પેસેંજર કારનો ધંધો નહીં વેચે. ત્રણ કલાકની મિટીંગમાં દુઃખ સાથે રતન પરત ભારત આવી ગયા. એમને મજબૂત ટીમ સાથે ટાટા મોટર્સને ફરી જીવંત કરી. અને ૨૦૦૮માં તેઓ ટાટાની આ કંપની નફો કરતી કરી બતાવી. આ દરમિયાન ફોર્ડની બે અગ્રણી કંપની બ્રાન્ડ જગુઆર અને લેંડરોવર ખોટ ખાવા લાગી અને એ વખતે એ જ બીલ ફોર્ડ મુંબઈ આવ્યા અને એમણે રતન ટાટાને કહ્યું, 'આપે જગુઆર અને લેન્ડરોવર ખરીદી અમારા પર ઉપકાર કર્યો છે.' રતન ટાટાએ એમના અપમાનનો બદલો લઈ શક્યા હોત. પણ તેમણે બીલ ફોર્ડને એટલું જ કહ્યું, 'ઈટ્સ ઓલે બીલ' આજે જગુઆર અને લેન્ડરોવર ટાટા મોટર્સની છત્રછાયા હેઠળ સારો બીઝનેશ કરી રહ્યા છે.

# પ્રખર રાષ્ટ્રીય નેતાનું મહાપ્રયાણ

**તંત્રીસ્થાનેથી...**

બંગાળ ધરતીએ ભારતમાતાના ચરણે મહાન હસ્તીઓની અમણોલ ભેટ ધરી છે. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને રાજા રામમોહનરાય જેવા સમાજ સુધારકો, બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય અને રવીન્દ્રનાથ ટાગોર જેવા સમર્થ સાહિત્યકારો, જગદીશચંદ્ર બોઝ અને પ્રભુલ્લચંદ્ર રોય જેવા વૈજ્ઞાનિકો અને સુભાષચંદ્ર બોઝથી લઈ પ્રણવ મુખર્જી સુધીના રાષ્ટ્રીય નેતાઓ આપતી આ ભૂમિને ટાગોર આમાર બાંગ્લા, સોનાર બાંગ્લા કહી બિરદાવે છે. મહર્ષિ અરવિંદ અને વિવેકાનંદ જેવી મહાન આધ્યાત્મિક વિભૂતિઓ પણ બંગાળ જ પકવી શકે. દેશમા તેરમા રાષ્ટ્રપતિ તરીકે યાદગાર ફરજ બજાવી ચૂકેલ પ્રણવ મુખર્જી બ્રેનસર્જરી પછી કોમામાં સરી ગયા તે ગયા. એમને એ પ્રોસીજર પૂર્વે કોરોના ટેસ્ટ કરાયો હતો અને તે પોઝિટિવ આવ્યો હતો. પ્રણવ બાબુએ પોતે એની ટિવટર પર જાહેરાત કરીને પોતાના સંપર્કમાં આવેલ વ્યક્તિઓને કોરોના ટેસ્ટ કરાવી લેવાની સલાહ આપી હતી. કોરોના સંક્રમણની બલિવેદી પર દેશની સૌથી પ્રખર વ્યક્તિનું બલિદાન લેવાઈ ગયુંછે તેની પણ નોંધ લેવી જ રહી. પ્રણવ મુખર્જીને ગ્રામીણ બંગાળમાં ઉછરીને સ્વપુરુષાર્થથી દેશના પ્રથમ નાગરિક સુધીની સફર ખેડીને એક ભવ્ય ઉદાહરણ રજૂ કર્યું છે. કારકિર્દીની શરુઆત કલાર્ક જેવી નાની નોકરીથી થાય અને કાળક્રમે એ જ વ્યક્તિ દુનિયાની સૌથી મોટી લોકશાહીનો રાષ્ટ્રપતિ બને, રાષ્ટ્રનું સર્વોચ્ચ સમ્માન 'ભારત રત્ન' પ્રાપ્ત કરે એ કોઈ નાનીસૂની સિદ્ધિ નથી. પ્રખર બૌદ્ધિક પ્રતિભાના બળ પર ૧૯૬૯માં રાજકીય ક્ષેત્રે સક્રિય થતાંની સાથે તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધીની નજરમાં વસી ગયેલા પ્રણવ મુખર્જીને કપરા સમયમાં ઈંદિરા ગાંધીની આર્થિક નીતિનો અમલ કર્યો, બેન્કોનું રાષ્ટ્રીયકરણ અને રાજાઓનાં સાલિયાણાંની નાબૂદી જેવા નિર્ણયોમાં સામેલ થયા. સિનિયર નેતાઓને ઓવરટેક કરીને ઈંદિરા ગાંધીએ એમને કૅબિનેટમાં 'નંબર ટુ' બનાવ્યા હતા એમાં વફાદારી જેટલો જ મોટો ફાળો એમના પ્રગલ્ભ વ્યક્તિત્વ અને તલસ્પર્શી અભ્યાસનો હતો. એમને બંગાળમાંથી રાજયસભામાં લાવવામાં મુશ્કેલી અનુભવાઈ ત્યારે ઈંદિરાજીએ ગુજરાતમાંથી ચૂંટાવીને પોતાના અણમોલ રત્નની જેમ સાચવ્યા હતા. પરંતુ ઈંદિરાજીના નિધન વખતે ખુદ રાજીવ ગાંધી સાથે પશ્ચિમ બંગાળના પ્રવાસે હતા ત્યારે રાજીવે 'હવે કોણ સંભાળશે ઈંદિરાજીનું સ્થાન' એવો પ્રશ્ન કર્યો ત્યારે એમણે મંત્રીમંડળમાં 'નંબર ટુ' તરીકે પોતાનો દાવો રજૂ કર્યો તે પરિવારવાદી કોંગ્રેસીઓને ગમ્યું નહોતું. એથી રાજીવ ગાંધીની કૅબિનેટમાં એમનો સમાવેશ નહોતો કરાયો. પ્રણવબાબુનું સ્વમાન ઘવાયું હતું અને એમને જુદી પાર્ટી બનાવી દીધી હતી. રાજીવ ગાંધીના અવસાન પછી પણ એ વડાપ્રધાન પદે આરૂઢ થઈ શક્યા હોત પરંતુ પી.વી. નરસિંહ રાવનો નંબર લાગ્યો હતો અને છેલ્લે ૨૦૦૪માં સોનિયા ગાંધીએ એમની પાર્ટીના આગ્રહ છતાં વડાપ્રધાનપદે નહીં બેસવાનો નિર્ણય જાહેર કર્યો ત્યારે પણ પ્રણવબાબુને સાઈડલાઈન કરીને એક સમયે એમના નાણામંત્રી પદ હેઠળ રિઝર્વ બેન્કના ગવર્નર રહી ચૂકેલા અર્થશાસ્ત્રી ડૉ. મનમોહન સિંહના નામ પર મહોર વાગતાં પ્રણવ મુખર્જી વધુ એક વાર વડાપ્રધાન પદની ગાડી ચૂકી ગયા હતા. અલબત્ત, ખુદ મનમોહનસિંહે એમને એ પદ માટે પોતાનાં કરતાં વધારે યોગ્ય ગણાવ્યા હતા. પ્રણવદા એક સફળ નાણામંત્રી અને સફળ સંરક્ષણમંત્રઈ તરીકે સેવાઓ આપ્યા બાદ સફળ રાષ્ટ્રપતિ તરીકે નિવૃત્ત થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમને અત્યંત સમ્માનની નજરે જોતા રહ્યા, એમની પાસેથી રાજકીય કુનેહ અને વહીવટના પાઠ શીખતા રહ્યા અને રાજકીય વિચારધારાની રૂએ સામા છેડે હોવા છતાં ૨૦૧૯માં પ્રણવ મુખર્જીને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી સરકારે સર્વોચ્ચ 'ભારત રત્ન' સમ્માન આપી એક શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહીને પ્રણવ મુખર્જીએ તટસ્થ રાષ્ટ્રનેતા તરીકેની પ્રતિભાનો પરિચય આપ્યો હતો તે પણ કેમ ભૂલાય ! આરએસએસના મંચ પપરથી એમને દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત નહેરુના રાષ્ટ્રનીતિને બિરદાવી હતી, અને હિંદુત્વવાદીઓ સમક્ષ અનેક ભાષાઓ અને ધર્મસંપ્રદાયો ધરાવતા રાષ્ટ્રમાં નહેરુની જેમ અનેકવિધતા સાથે એકતાનો સંદેશ આપ્યો હતો, પ્રણવ મુખર્જીની વિદાયથી દેશના રાજકારણનો એક પ્રખર સિતારો આથમી ગયો છે. અલવિદા પ્રણવદા!

# આજના જમાનામાં પતિપત્નીના સંબંધો શું આવા પણ હોતા હશે?



**નવાં કલેવર**

નટવર હેડાઉ

'સરોજ તેં આ શું કર્યું ?'

'કેમ મેં વળી શું કર્યું છે?'

'આપણી જિંદગીભરની કમાણીને ધૂળધાણી કરી નાંખી ને છતાં મને પૂછે છે.' ભાર્ગવે કહ્યું.

'મેં તો તને પહેલાં જ કહેલું ને કે મારે બહુ મારા ભાઈને આપવું છે પણ તું માનતો જ નહોતો. મરતાં મરતાં પણ તું મને બરબાદ કરવા માંગતો હતો તેથી તેં તારા ભાઈનો ગાંડા છોકરાને ખોળે લીધો. બધી કમાણીનો એ એક માત્ર વારસદાર, પણ હું કંઈ એમ થવા દઉં ખરી ?'

'તને તો ખબર છે કે મને પહેલેથી જ બાળકની ઝંખના હતી.' ભાર્ગવે કહ્યું.

'હાં, અને હું મારી જિંદગીમાં કાંટા રુપ બને તેવું તારું સંતાન થાય એમ ઈચ્છતી જ ન હતી. તને તો ખબર જ હતી કે મારું કુટુંબ કેવી દારૂણ ગરીબીમાં રહ્યું છે અને કેવું કેવું વેઠ્યું છે. હું કાંઈ તને કમાઈ દેવા ભણી નથી. મારી માં એ કહ્યું બેટા તું જ હવે આ કુટુંબનો ઉદ્ધાર કરી શકે એમ છે.'

'એટલે મારી જિંદગી ખેદાનમેદાન કરીને તું જિંદગીભર તારા કુટુંબનું હિત જ જોતી રહી ખરું ને?'

'હાં કેમ નહીં, તને ખબર તો હશે કે ઊંટ મરે તોયે તેનું મોઢું મેવાડ તરફ હોય.'

'અને આપણા લગ્નજીવનનું શું ?'

'તારે કમાતી વહુ જોઈતી હતી. અને મારે તારા જેવો ઘણી છતાં તેં તારાથી બનતું બધું જ કર્યું છે.' સરોજે કટાક્ષમાં કહ્યું.

'મેં મારાથી બનતું શું કર્યું ? તારા કહ્યા મુજબ તારા પિયરમાં સૌથી પહેલું ઘર લઈ લીધું કે નહીં જે તેં છેવટે અત્યારે તારા ભાઈઓના છોકરાઓને પધરાવી દેવાના પેંતરા કર્યા છે. પણ તને ખબર હોવી જોઈએ કે તેનો વારસ હજુ હયાત છે... ઓમપ્રકાશ.' ભાર્ગવ બોલ્યો.

'તે એમાં કંઈ મોટી વાત છે. તારા ભાઈઓને પણ થોડું ઘણું તો મેં આપ્યું છે ને.' સરોજ બોલી.

'હાં... હાં.... અને દર મહિનાની કમાણી જે રકમ કરોડમાં હતી એનું શું ?'

'એ મારી કમાણી હતી. જે મારા ભાઈને મારે આપવાની જ હતી.' બિન્દાસ...

'કઈ રીતે ?' ભાર્ગવે પૂછ્યું.

'તારી કમાણીથી ઘર અને બધા વહેવારો ચાલતા હતા. મારો પગાર પુરો પડ્તો રહેતો હતો તે મારો જ કહેવાય કે નહી.' સરોજે આંખો પહોળી કરીને કહ્યું.

'અને હું તારા પર જે ખર્ચા કરતો હતો એનું શું ?'

'એ તો પતિ તરીકે તારી ફરજ હતી. એમાં તે શી નવાઈ કરી.' મોં મચકોડી સરોજ બોલી.

'એટલે તારી કમાણી તારી ને મારામાં તારો ભાગ એમને' ભાર્ગવ બોલ્યો.

'હાં... હાં.... કેમ નહીં એ જ દુનિયાનો દસ્તુર છે.' સરોજે કહ્યું.

'અને તેં મને ઈચઆઈવી જેવો રોગ બઝાડ્યો તેનું શું ?તને પરપુરુષો સાથે સંબંધો રાખતાં જરાય લાજશરમ પણ ન આવી.' ભાર્ગવે વ્યથિત થતાં કહ્યું.

'હું તો તને પહેલેથી ચાહતી જ ન હતી. તું ગયો ને મારો મારગ મોકળો થયો, તું ગયો જંતર વગાડતો.' મોટેથી હસીને સરોજ બોલી.

'પણ હું તને એમ બહુ હજમ કરવા નહીં દઉં...' ભાર્ગવે જરા ગુસ્સા સાથે બોલ્યો.

'જા... જા... હવે તું મને શું કરવાનો હતો.'

● ● ●

'સરોજ... સરોજ... શું થયું ?' કંઈ સપનું આવ્યું. તેના ભાઈ પ્રવિણે તેની ઓરડીમાં પ્રવેશ કરી તેને હલબલાવી નાંખી.

તેણે આંખો ઉઘાડીને જોતાં તેની માંની અંધારી ઓરડીમાં ફાટેલી ગોદડી પર એ પડેલી હતી. ઓરડીનાં ચારેબાજુ કરોળીયાના જાળાં બાઝેલા હતા અને ખૂણામાં ચામાચિડિયાં લટકતા હતા.

'શું થયું ?'

'એ તો સપનું આવેલું, હજુ સપનામાંય એ મારે કેડો છોડતો નથી.' સરોજ વાળ સરખાં કરતાં બોલી.

'એ તો કાલે તારી સાસુનો ફોન આવેલો ને કે ભાર્ગવકુમારનું મરણ થયે બે વરસ પુરા થાય છે. ને એકમનું તેનું શ્રાદ્ધ કરવાનું છે. તેના વિચાર કરતાં તેને સપનું આવ્યું હશે.' પ્રવિણ બોલ્યો.

**અનુસંધાન પાના નં ૭ પર**

# ત્યારે સ્નેહની અભિવ્યક્તિ મેઘધનુષી બની જતી હોય છે



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

હિન્દી ફિલ્મ ઉધોગનાં વિખ્યાત સંગીત દિગ્દર્શક સી. રામચંદ્રએ સ.ન. ૧૯૭૭ માં પોતાની આત્મકથા પ્રકાશીત કરી હતી. એ આત્મકથાનું શીર્ષક છે ''સિમ્ફની ઓફ લાઈફ''. એ પુસ્તકમાં સી. રામચંદ્રએ બે વિખ્યાત પાર્શ્વ ગાયીકાઓ લતા મંગેશકર અને નુરજહાંજીના એક સુંદર, રસપ્રદ અને ભાવવાહી પ્રસંગનું વર્ણન કર્યું છે.

સી. રામચંદ્રની પોતાની ફિલ્મ 'ઝાંઝર'નાં મ્યુઝીક પ્રમોશન માટે સ.ન. ૧૯૫૩ માં તેઓ થોડા દિવસો માટે અમૃતસર ગયા હતા. અમૃતસરની એ યાત્રામાં તેમની સાથે સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકર પણ સાથે હતા.

અમૃતસરનાં થોડા દિવસોનાં તેઓનાં રોકાણ દરમ્યાન વાત-વાતમાં એક દિવસ પાકિસ્તાનના શહેર લાહોરની વાત નીકળી જે અમૃતસરથી માત્ર પચાસેક કિલોમીટર જ દૂર છે.

લતાજીને ખબર હતી કે દેશના ભાગલા થયા પછી મલ્લિકા-એ-તરન્નુમ નુરજહાંજી ભારત છોડીને પોતાના પતિ શૌકતહુસેન રીઝવી સાથે લાહોર શહેરમાં સ્થાયી થયા હતા. લાહોરની વાત નીકળી એટલે લતાજીને પોતાની એ સહેલી નુરજહાંજીની યાદ આવી ગઈ. દેશના ભાગલા પછી લતાજીએ નૂરજહાંજીને મળ્યા ન હતા કે કદાચ તેમની સાથે વાત પણ કરી ન હતી. નુરજહાંજીની યાદ આવી એટલે લતાજીએ ટેલિફોન દ્વારા તેમની સાથે વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી. વ્યવસ્થાપકોએ ટ્રંકકોલ દ્વારા બંનેને વાત કરવાની વ્યવસ્થા ગોઠવી આપી.

બન્નેનો ફોન દ્વારા સંપર્ક થયો. લતાજી અને નુરજહાંએ ફોન ઉપર એકબીજાનો અવાજ સાંભળ્યો અને જાણે બન્ને સહેલીઓ ''ચહક ઉઠી''. બન્નેએ લગભગ એકાદ કલાક અલક મલકની અને અંગત વાતો કરી. બન્નેએ જાણે પોતપોતાની ''દસ્તાને છેડી''. બન્નેએ એકબીજાને ટેલિફોન ઉપર ગીતો ગાઈને આપણ સંભળાવ્યા. બે બહેનો કે સહેલીઓ એકબીજાથી વિખૂટી પડી ગઈ હોય અને વર્ષો પછી બંને મળે ત્યારે જે આનંદ થાય એવો આનંદ લતાજીને થયો અને એ આનંદ ફોન ઉપર વ્યક્ત પણ કર્યો. આ ઘટનાને નજરે નિહાળનાર સાક્ષી સી. રામચંદ્રજી લખે છે કે લતા મંગેશકરનું આ પ્રકારનું રૂપ તેમણે પહેલીવાર જોયું.

એકાદ કલાકની લાંબી વાત પછી લતાજીએ ફોન મૂક્યો અને ચહેરા ઉપર આનંદની લાગણી વ્યક્ત કરી. પણ ફોન ઉપર વાત કરવાથી માત્ર આ ઘટના પૂરી ન થઈ. ઘટના આગળ ચાલી. હવે લતાજીએ ઈચ્છા વ્યક્ત કરીએ કે મારે નુરજહાંને રૂબરૂ મળવું છે. વ્યવસ્થાપકોએ કહ્યું કે નુરજહાંજી પાકિસ્તાનમાં, આપ ભારતમાં, મળવા માટે પાસપોર્ટ, વિઝા તથા અન્ય વિધીઓ કરવી પડે. એટલે રૂબરૂ મળવું અશકય છે. આમ છતાં લતાજીએ તો આગ્રહ રાખ્યો કે નુરજહાંને મળવા માટે હું કંઈપણ કરવા તૈયાર છું પણ મારે તેમને મળવું છે. તેમને મળવા માટે વ્યવસ્થા કરવા માટે વ્યવસ્થાપકોને આગ્રહભરી વિનંતી કરી.

પોતાની સહેલીને રૂબરૂ મળવાની લતાજીની તીવ્ર ઈચ્છા, તેમની તાલાવેલી અને એક સહેલી પ્રત્યેનો પ્રેમ જોઈને વ્યવસ્થાપકો પણ ગળગળા થઈ ગયા. તેઓએ આખરી પ્રયત્ન રૂપે સરકારી વહીવટદારોનો સંપર્ક કર્યો. વહીવટદારો પણ લતાજીની લાગણી સમજી શક્યા અને તાબડતોબ બધી જ વ્યવસ્થા ગોઠવી આપી. નક્કી એવું થયું કે એ બન્નેની મુલાકાત 'નો મેન્સ લેન્ડ્લ ઉપર ગોઠવવી.

મુલાકાતના નક્કી કરેલા દિવસે નુરજહાંજી પોતાના પતિ સાથે લાહોરથી અને લતાજી અમૃતસરથી વાધા બોર્ડર પહોંચ્યા. બન્ને સરહદોનાં દરવાજાઓ ખૂલ્યા. બંને દેશોની સરહદો વચ્ચેની વચ્ચેની 'નો મેન્સ લેન્ડલ્માં બન્ને સહેલીઓએ પ્રવેશ કર્યો. એકબીજાને નિહાળી અને દોડીને બન્ને એકદમ ભેટી પડી. થોડી ક્ષણો એમ જ રહી અને પછી બન્ને ચોધાર આંસુએ રડી પડી. એ બંને સહેલીઓનો સ્નેહ જોઈને, તેઓનાં મિલનના હર્ષાશ્રુ નિહાળીને વાઘા બોર્ડર ઉપર ઉપસ્થિત લોકોની આંખો પણ છલકી ઊઠી.


લતાજી અને નુરજહાંજી કદાચ ૧૯૪૭માં દેશના ભાગલા વખતે એકબીજાથી વિખૂટા પડયા હશે. છ વર્ષ પછી સ.ન. ૧૯૫૩માં બન્ને આ રીતે મળ્યા. કોઈપણ બે સ્નેહીજનો માટે એકબીજાથી દૂર રહેવાનો છ વર્ષનો સમયગાળો ઓછો તો ન જ કહેવાય. એ પણ એ સમયે કે જ્યારે બંને દેશો વચ્ચે ફોન દ્વારા વાતચીત કરવી પણ એટલી સહેલી ન હતી. બે સુપ્રસિધ્ધ વ્યકિતઓ, બે નામાંકિત વ્યકિતઓ લાંબા સમય પછી મળે ત્યારે સ્નેહ અને પ્રેમની અભિવ્યકિત કેવી રીતે કરે છે એ જોવાનો લ્હાવો ત્યાં ઉપસ્થિત હજારો લોકોને મળ્યો. ત્યાં ઉપસ્થિત લોકોને એવી પ્રતીતિ થઈ કે એક સામાન્ય માણસ અને પ્રસિધ્ધ વ્યકિતઓની પ્રેમ કે સ્નેહ અભિવ્યકત કરવાની રીતમાં કઈ જ ફેર હોતો નથી. એ લોકો પણ ભેટે છે, એ લોકો પણ આંસુ સારે છે. એ લોકો માટે પણ સ્નેહ એ સ્નેહ જ હોય છે અને સ્નેહની અભિવ્યકિત એ અભિવ્યકિત જ હોય છે.

માનવીય પ્રેમ અને સ્નેહની લાગણીઓને કોઈ જ પ્રકારની દીવાલો કે સરહદો પણ રોકી શકતી નથી. એવી જ રીતે સ્નેહ અને પ્રેમની અભિવ્યક્તિમાં કોઈ જ પ્રકારના સંબંધોના સીમાડા હોતા નથી. કોઈપણ વ્યક્તિના સ્નેહ કે પ્રેમની અભિવ્યકિત માત્ર તેના અંગત સંબંધો, કૌટુંબિક સંબંધો અથવા તો સ્નેહીજનો સાથેના સંબંધોની જ મોહતાજ નથી હોતી. બીજા શબ્દોમાં કહીએ તો પ્રેમની અભિવ્યક્તિને કોઈ નિશ્ચિત સંબંધોની લક્ષ્મણ રેખામાં બંધાઈ રહે એવું નથી હોતું.

સ્નેહીઓ કે કુટુંબીજનો એકબીજાથી કોઈ કારણસર દૂર જતાં રહ્યા હોય, એકબીજાથી જોજનો દૂર રહેતા હોય, કોઈ ઠોસ કારણસર, લતાજી અને નુરજહાંજીની જેમ એકબીજાથી વિખૂટા પડી ગયા હોય તો પણ એકબીજા પ્રત્યેનો સાચો પ્રેમ ક્યારેય મરી પરવારતો નથી. એ સ્નેહ કે પ્રેમમાં ક્યારેય ઓટ આવતી નથી. બે સ્નેહીજનોની એકબીજાને મળવાની તાલાવેલી, તેઓને મળવાની પ્રબળ ઈચ્છા તો જ થાય જો બંને વચ્ચે સાચો સ્નેહ હોય. એકબીજાથી વિખૂટા પડયા પછી, બન્ને જ્યારે રૂબરૂ મળે છે ત્યારે કદાચ એ સ્નેહ વધારે રંગ લાવે છે અને એ સ્નેહની અભિવ્યક્તિ મેઘધનુષી બની જતી હોય છે.

એવું કહેવાય છે કે બે સ્નેહીઓ વચ્ચે જો સાચો સ્નેહ હોય તો કુદરત પણ તેમને મળતા રોકી શકતી નથી. તેઓને મળવાના બધા જ દ્વાર આપોઆપ ખૂલી જતાં હોય છે. આપણે સૌ આપણાં સ્નેહીજનોને એવો જ સ્નેહ અને પ્રેમ કરીએ.


# ઈમ્યુનીટી વધારવા માટે ઉપાયોથી ઉચ્ચ શિખરે છે : ખુશી



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

કોવિડ સંક્રમણના આજના સમયમાં પ્રતિદિન સોશિયલ મીડિયામાં જેટલા મોબાઈલ એટલા મેસેજ ફરતા રહે છે અને માહિતીઓ, વીડિયોઝ, પિકચર્સનો વિપુલ પ્રવાહ અવિરત સવારથી સાંજ સુધી વહેતો જ રહે છે તેમાં તથ્ય - સચ્ચાઈ - ખોટું કે સાચું એ કોઈને પણ તપાસવું નથી. બસ, માત્ર મોકલતા જ રહો અને કંઈક કાર્ય કરવા બદલ માનસિક સંતોષ લેતાં રહો !!



આવા પ્રકારના સામાજિક વાતાવરણમાં કોને શું લાભ થાય એ અથવા નુકશાન કોણ કોણ ભોગવે છે તે વિશે કંઈ જ વિચાર સુદ્ધા કોઈને આવડતો નથી. મોબાઈલનો જીવનમાં પ્રવેશ થયો ત્યારે લોકોને એટલો જ ખ્યાલ હતો કે વાતચીત કરવા માટેનું એક નવું માધ્યમ કે સાધન પ્રાપ્ત થયું છે. આ મોબાઈલ પહેલાંનાં સમયને યાદ જરા કરી લો શેરી કે ગલીના નાકા પર એસટીડી/પીસીઓની દુકાનો ધમધમતી હતી અને ત્યાં લાઈનમાં બેસવું પડતું હતું. ટેલિફોન દ્વારા માત્ર બે ચાર મિનિટ કોઈ સ્વજન કે મિત્ર જોડે વાત થઈ જાય તો આનંદ આનંદ થઈ જતો! કોઈને સ્વપ્ને પણ ખબર ના હતી કે આ જ નાનકડું સાધન નજીકના ભવિષ્યમાં ટીવી કે બેન્કના કામો માટે ઉપયોગી એવું એક માધ્યમ બની જશે. વાત આપણે જે કરવા માંગીએ છીએ એ કોરોનાકાળમાં જીવન કેમ બચાવવું અને તેમાં પણ આ વાઈરસને મારવાની નક્કર દવા માર્કેટમાં હજી આવી નથી ત્યારે શું શું કરવું એ વિશેની છે. પ્રિવેન્શન ના કયા કયા પગલાઓ લઈ શકાય કે જે કોવિડથી આપણને બચાવે ? આ માટે ટીવી-મીડિયામાં રોજ ઘણી બધી વિજ્ઞાપનો આવ્યા જ કરે છે જેમ કે હાથ વારંવાર સાફ કરવા રહો, માસ્ક પહેરો, દો ગજ કી દૂરી જાળવો આ ઉપરાંત દેશી દવાના ઉકાળાઓ કાઢા પીવો, નાસ લેતા રહો, ગરમ હળદરવાળું દૂધ - કોફી - ચા પીવાનું રાખો. નાકમાં અણ્ડ તેલ લગાવો, બહારથી આવો ત્યારે કપડા બદલાવી સ્નાન કરી લો, ગરમ પાણીના કોગળા કરતા રહો, ઠંડા પીણા, મેંદાવાળી ચીજો ખાવાથી બચો વગેરે વગેરે અને તૈયાર દેશી ઉકાળાના પાઉચ માર્કેટમાં આવી જ ગયા છે. ઈમ્યુનિટી વૃદ્ધિ માટે પુષ્કળ વાતો અને કાર્યો થઈ રહ્યા છે.

આ જે કંઈ થાય છે એ પ્રિવેન્ટીવ એક્શન્સ છે અને રોગ પ્રતિકાર શક્તિમાં વૃદ્ધિ કરવાની સામાજિક ચિંતા અને ચેષ્ટા છે. આ તબક્કે આપણે એ પદ યાદ રાખવું જરૂરી છે કે રોગ પ્રતિકાર શક્તિ પ્રત્યેક વ્યક્તિમાં જન્મજાત હોય જ છે. માતાપિતાના વારસામાં માત્ર સંપત્તિ કે દેવુ નથી મળતાં અર્થાત્ વારસામાં ગુણો, ઈશ્વરે જન્મતા પૂર્વે ગોઠવેલી શક્તિઓ પણ વ્યક્તિને આપમેળે મળે છે. મરતા પહેલાં હજારો વાર મરી જનાર લોકોને ઈમ્યુનિટીની વૃદ્ધિનાં કાર્યક્રમોથી બહુ જ લાભ થાય તે વાતમાં દમ નથી ! કહેવાનું તાત્પર્ય એ છે કે અમુક શક્તિ ઈશ્વરે મૂકેલી છે તેમાં શક્તિ ઉમેરવી હોય તો મુખ્ય ઉપાય છે. ખુશ રહેવું - ખુશી ખુશી જીવવું - આ હકીકતને બહુધા લોકો જાળવા છતાં અમલ કરતા નથી અથવા નિષ્ફળ જાય છે. ખુશ રહેવાથી શરીરમાં જે હકારાત્મક બાબતો ઉત્પન્ન થાય છે તેમાં ઈમ્યુનિટી વૃદ્ધિનો પણ સમાવેશા થાય છે. ઉદાસ રહેનાર માણસની ઈમ્યુનિટી ઝડપથી ઘટી જાય છે. ખુશ રહેવું ખુબ જ જરૂરી છે, ખુશ દેખાવાની પ્રયાસની અત્રે વાત હરગીજ નથી. ઈશ્વરે જે કંઈ જીવનમાં આપેલું છે તેને પ્રભુના પ્રસાદ સ્વરુપે હૃદયથી સ્વીકારતા ખુશ રહેવાનું પરિણામ તરફનું પગથિયું શરૂ થાય છે. હવે પ્રશ્નએ ઊભો થાય છે કે ખુશીથી જીવવું કંઈ રીતે જયારે ચોતરફથી સંકડામણ, ચિંતા, બિમારી, જવાબદારી, તણાવથી બધાના જીવનમાં એક અસંતોષનો અગ્નિ જલતો હોય ??

આ તબક્કે યાદ રાખો કે જીવન શાશ્વત નથી. જીવન આપણે ચાહીએ તે રીતે પસાર થતું નથી, જીવનના બધા પાત્રો જે આપણી સંગાથે જોડાયેલા છે એ ઋણાનુબંધ અને સહેતુક કુદરતી ક્રમે ગોઠવાયેલા છે તેને સ્વીકૃત કર્યા વિના છૂટકો નથી, આવક-જાવક જીવનના અંકાઈ ગયેલા છે મતલબ લાભ-હાનિ સ્વયંના અંકુશમાં નથી તે સ્વીકારવાનું છે. જીવનનું સત્ય સમજાય જાય ને તો પછી ખુશીઓ જ સામે દેખાશે કેમ કે તમે દુઃખી થવાના કારણોથી જ દૂર થયા છો. આ ખરો ગૃહસ્થાશ્રમનો મર્મ છે !!એક ઉમદા શૅર ખુબ સમજવા જેવો છે.

'માટી કા સંસાર હૈ, ખેલ સકે તો ખેલ,
બાજી રબે કે હાથ હૈ કર લે સબ સે મેલ.'

ખુશી પ્રાપ્ત કરવી એ માટે ખુશી વહેંચતા રહીએ એ પણ અત્યંત જરૂરી છે. જયોત સે જયોત જલતી રહે છે. ખુશ રહેતી વ્યક્તિ એક નવી ઊર્જા માટે ચોક્કસ જગ્યા આપે છે. મતલબ અફસોસ કરતા કરતા જીવન જીવીને પણ લાભ કોઈ જ નથી! યથાશક્તિ દિલ દઈ કર્મ કરતા રહીએ તો ઈશ્વર જે આપશે તે ઉમદા જ હશે આ પ્રકારની વિચારધારાથી જીવનમાં ખુશી ચોક્કસ આવશે. હક્ક વિનાનું ત્યજી દેવાથી પણ આનંદ ઊભો થાય છે. સંઘર્ષ તો સદા રહેવાનો છે અને એ જીવનનું ચાલક બળ પણ હોય છે. છતાં પ્રાપ્તિનો આનંદ જે મળે તે ખુશી છે. વધુ મહત્ત્વાકાંક્ષાઓથી જીવન બોજારૂપ જરૂર થઈ શકે છે. સમય સમજીને સંતોષની માત્રાને નક્કી કરતા ફાવે એ ખુશી જરૂર મેળવે છે જે સ્વયં ઈમ્યુનિટી પ્રદાન કરે છે માત્ર ભૌતિક ઉપાયો કરતા આ આત્મબળ સાથેનાં અનુસંધાનની પ્રેરણાદાયી સત્ય છે. આનંદી કાગડાની વાત સમજવાની જરૂર છે. જીવનમાં વ્યસ્ત રહો, તંદુરસ્ત રહો અને મસ્ત રહો અને પછી ઈશ્વરની કૃપાને માણો.

**શેર આસ્વાદ :**

**યદિ મહેનત આદત બન જાયે**
**તો કામયાબી મુક્કદર બન જાતી હૈ**